સુવિચાર : ચહેરો ખીલેલ ગુલાબ જોઈએ, જીવન ખુલ્લી કિતાબ જોઈએ, ફાકવા ને ભલે મળે ચણા, સિંહ જેવો રૂઆબ જોઇએ - જનક દવે

તાપમાન
મહત્તમ : ૩૬.૫ ડીગ્રી
લઘુતમ : ૨૩.૮ ડીગ્રી
ભેજ
સવારે ૬૪ ટકા ● સાંજે ૪૮ ટકા

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૦) અંક નં. ૨૦૧ | ૧ ઓક્ટોબર, ૨૦૧૫, ગુરૂવાર ; ભાદરવા વદ - ૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# મુંબઈ ટ્રેન બ્લાસ્ટના પાંચ આરોપીને મૃત્યુદંડ




## અન્ય ૭ અપરાધીઓને મકોકા કોર્ટ દ્વારા આજીવન કારાવાસ કરાઈ : ૧૧ જુલાઈ ૨૦૦૬ના દિવસે આરડીએક્સ બોંબ બ્લાસ્ટ કરી ૧૮૯ લોકોને મોતને ઘાટ ઉતારી દેવાયા હતા : બોંબ પ્લાન્ટ કરનાર બધાને ફાંસીની સજા

મુંબઈ,તા. ૩૦

મુંબઈ ઉપનગરીય ટ્રેનમાં ૧૧મી જુલાઈ ૨૦૦૬ના દિવસે થયેલા સાત આરડીએક્સ બોંબ બ્લાસ્ટના સંદર્ભમાં ખાસ મકોકા કોર્ટે આજે પાંચ અપરાધીઓને ફાંસીની સજા ફટકારી હતી. જ્યારે સાતને આજીવન કારાવાસની સજા ફટકારી હતી.જો કે આઠને મૃત્યુદંડની સજા આપવાની માંગ કરવામાં આવી હતી જેની સામે પાંચને જ ફાંસીની સજા કરવામાં આવી છે. ચુકાદો આપતા સ્પેશિયલ જજ યતીમ ડી શિંદેએ કમાલ અહેમદ અંસારી (૩૭), મોહમ્મદ ફેઝલ શેખ (૩૬), ઈ સિદ્દીકી (૩૦), નાવીદ હુસૈન ખાન (૩૦), આસિફ ખાન (૩૮)ને મૃત્યુદંડની સજા ફટકારી હતી. આ તમામ લોકો બોંબ પ્લાન્ટ કરનાર લોકો હતા. જ્યારે બાકીના ૭ અપરાધીઓ તનવીર અહેમદ અંસારી (૩૭), મોહમ્મદ માજીદ સાફી (૩૨), શેખ અલમ શેખ (૪૧), મોહમ્મદ સાજીદ અંસારી (૩૪), મુજામિલ શેખ (૨૭), સોએબ મેહમુદ શેખ (૪૩), ઝમીર અહેમદ (૩૬)ને આજીવન કારાવાસની સજા ફટકારી હતી. આ તમામ લોકો પ્રતિબંધિત સંગઠન સીમી સાથે જોડાયેલા હતા. પ્રોસીક્યુશન દ્વારા ૧૨ અપરાધી પૈકીના ૮ માટે મૃત્યુદંડની સજાની માંગ કરાઈ હતી. જ્યારે બાકીના લોકો માટે આજીવન કારાવાસની માંગ કરાઈ હતી. ૨૩મી સપ્ટેમ્બરના દિવસે ખાસ મકોકા કોર્ટે આ કેસમાં સજા જાહેર કરવા અંગેનો ચુકાદો આજની તારીખ સુધી અનામત રાખ્યો હતો. તમામ અપરાધીઓને આઈપીસી, એક્સપ્લોસીવ એક્ટ, પ્રવેન્શન ઓફ ડેમેજ ટુ પબ્લિક પ્રોપર્ટી, રેલવે એક્ટ હેઠળ દોષિત ઠેરવવામાં આવ્યા હતા. કોર્ટે તમામ ૧૨ અપરાધીઓને મકોકાની કલમ ૩ (૧) (આઈ)

● અનુસંધાન પાન-૭ પર

## ફટાફટ ન્યુઝ

- વિદેશી સીધા રોકાણ મામલે અંતે ભારત નંબર વન
- રેટમાં ઘટાડા વચ્ચે સેન્સેક્સમાં ૩૭૬ પોઈન્ટનો મોટો ઉછાળો
- સરકારી બેંકોમાં હિસ્સેદારી ઘટાડી પર ટકા કરવા તૈયારી
- સરકારી નોકરીમાં લો રેન્ક અંગે ઇન્ટરવ્યુને બંધ કરાશે
- કુલ ૧૮ એફડીઆઈ દરખાસ્તોને અંતે લીલીઝંડી આપી દેવાઈ
- આફ્રિકાની સામે છવાઇ જવા માટે ભારતીય ખેલાડી તૈયાર
- નેપાળ સ્થિતિની નોંધ લેવા માટે યશવંતસિંહાનું સુચન
- ૭/૧૧ કેસ : ચુકાદા સામે હાઈકોર્ટમાં અપીલ કરાશે
- તમિળ અભિનેતા વિજયના આવાસ પર આઇટી દરોડા
- નિતિશ કુમાર અમારા વરરાજા : લાલુ યાદવ

# વિદેશી સીધા રોકાણ મામલે અંતે ભારત નંબર વન : ચીનને પછડાટ

નવી દિલ્હી,તા. ૩૦

એફડીઆઈ મેળવવાના મામલે હવે ભારત અમેરિકા અને

**ચીન અને અમેરિકાને પાછળ છોડવામાં ભારત સફળ રહ્યું : વર્ષ ૨૦૧૫ના પ્રથમ છ મહિનાના આંકડા દર્શાવે છે કે ભારત ચીન કરતાં ૩ અબજ ડોલર અને અમેરિકા કરતા ૪ અબજ ડોલર વધુ રોકાણ લાવી શક્યું**

ચીન જેવા દેશોને પછડાટ આપીને નંબર વન તરીકે છે. તાજેતરમાં જ જારી કરવામાં આવેલા નવા અહેવાલમાં આ મુજબનો દાવો કરવામાં આવ્યો છે. આ રિપોર્ટમાં કહેવામાં કહેવામાં આવ્યુ છે કે ભારતે વર્ષ ૨૦૧૫ના પ્રથમ છ મહિનામાં પ્રત્યક્ષ વિદેશી રોકાણને આકર્ષિત કરવાના મામલે અમેરિકા અને ચીન જેવા સૌથી શક્તિશાળી દેશોને પણ પાછળ છોડી દીધા છે. નાણાં મંત્રાલય દ્વારા ફાયનાન્સિયલ ટાઈમ્સ (લંડન)ના આંકડાને ટાંકીને કહ્યુ છે કે પ્રથમ છ મહિનામાં ભારતને ૩૧ અબજ ડોલરની જંગી વિદેશી રોકાણની રકમ મળી છે. વિદેશી રોકાણના મામલે ભારતે બાજી મારી લીધી છે. આ રિપોર્ટ મુજબ વર્ષ ૨૦૧૫ના પ્રથમ છ મહિનામાં ભારતને ૩૧ અબજ ડોલરની એફડીઆઈ રકમ મળી છે. જ્યારે બીજી બાજુ ચીનને ૨૮ અબજ ડોલર અને અમેરિકાને આ ગાળા દરમિયાન ૨૭ અબજ ડોલરની એફડીઆઈ રકમ મળી છે. અંદાજિત મૂડી ખર્ચ દ્વારા આંકવામાં આવતા પગલા

● અનુસંધાન પાન-૭ પર



કાગવાસ - પિતૃ તર્પણના પાવન પર્વ 'શ્રાદ્ધ'માં કાગવાસનો મહિમા મોટો છે... ભાદરવા સુદ-પૂનમથી ભાદરવા સુદ-અમાસ સોળ દિવસ પિતૃપક્ષ તરીકે મનાવાય છે... પિતૃ સ્મૃતિ તાજી કરવા પરિવાર સદગતોને યાદ કરી કાગવાસ નાખે છે... આપણી પરંપરામાં એમ પણ વર્ણવાયું છે કે, કાગડાને વાસ નાખવાથી પિતૃઓને ખાવાનું પહોંચે છે... કાગડાઓને ખીર-પુરી જમાડવાથી પૂર્વજો તર્પણ કર્યાનું કમાવાય છે એવી લોકપરંપરાના આધારે ભારતીય સમાજમાં શ્રાદ્ધપર્વ ભાવપૂર્વક ઉજવાય છે....

# થર્મલ પાવર સ્ટેશનમાંથી મચ્છરોના હેવી બ્રિડીંગ મળતાં આરોગ્યતંત્ર ચોંક્યું !!

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર શહેરના સીમાડે



આવેલ થર્મલ પાવર સ્ટેશન સંકુલમાં આજે ૩૨ થી વધુ સ્થાનો પરથી ડેન્ગ્યુ ફેલાવતા એડીસ મચ્છરોના હેવી બ્રિડીંગ મળતાં મનપાનું આરોગ્ય તંત્ર ચોંકી ઉઠ્યું છે અને આ મુદ્દે નોટીસ આપવાને લઈ વિચારણાઓ હાથ ધરી હોવાનું જાણવા મળેલ છે.

ગાંધીનગર શહેરમાંથી જે રીતે મચ્છરોના બ્રિડીંગ મળી રહ્યા છે અને તંત્ર સબ સલામતના પોકાર કરી રહેલ છે તેને લઈ હવે જનમાનસમાં પણ ચિંતાની લકીરો ખેંચાયેલી જોવા મળી રહી છે.

શહેરના જુદા જુદા સેક્ટરોમાંથી છુટા-છવાયા કેસો તો ડેન્ગ્યુના મળી જ રહ્યા છે. જોકે તંત્ર માત્ર ૧૧ કેસ જ કન્ફર્મ કહી રહેલ છે. બીજી તરફ બિનસત્તાવાર આંક પ૯ને પાર કરી ગયો હોવાનું લોકજીભે ચર્ચાઈ રહ્યું છે.

આજે સવારથી જ ગાંધીનગર મહાનગરપાલિકાની મેલેરિયાની ટીમો થર્મલ પાવર સ્ટેશન પર તપાસ માટે પહોંચી હતી અને ૧૩૦ થી વધુ સ્થાનોની ચકાસણી કરી હતી જેમાં ૩૨થી વધુ સ્થાનો પર મચ્છરોના હેવી બ્રિડીંગ મળી આવ્યા હતા. તાત્કાલિક તંત્ર દ્વારા ત્યાં એન્ટી લારવેલની

**મચ્છરોના મળી રહેલા બ્રિડીંગને લઈ લોકોમાં વ્યાપેલો ફફડાટ : ખાનગી હોસ્પિટલોમાં દર્દીઓ વધ્યા**

કામગીરી કરવામાં આવી હતી. મોડી સાંજ સુધી આ કાર્યવાહી ચાલી હતી.

ગઈકાલે પણ મેલેરીયાની ટીમે ૧૦૦થી વધુ સ્થાનોએથી મચ્છરોના બ્રિડીંગ મળતાં તાત્કાલિક કાર્યવાહી હાથ ધરી હતી.

બિનસત્તાવાર સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે સે. ૨,૩,૫ અને ૩૦માં કેસો ડેન્ગ્યુના નોંધાઈ રહ્યા છે. તંત્ર પણ સે. ૨૪, ૩૦ અને ૩ ને પહેલાં જ સંવેદનશીલ વિસ્તારો તરીકે ઓળખાવી ચુક્યુ છે તે નોંધનીય છે. જે રીતે શહેરમાંથી મોટી સંખ્યામાં મચ્છરોના બિર્ડીંગ મળી રહ્યા છે તેને લઈ લોકોમાં પણ ચિંતાની લાગણી પ્રસરેલી જોવા મળી રહી છે.

**તાત્કાલિક જોઈએ છે**

છ કલાક અને ૧૨ કલાક માટે તાત્કાલિક સીક્યુરીટી ગાર્ડ જોઈએ છે. આકર્ષક પગાર, નીચેના ફોન નંબર પર સંપર્ક કરી બાયોડેટા સાથે રૂબરૂ મળો.

રમેશભાઈ બારૈયા
મો. : ૮૪૮૭૮૦૪૮૦૧
મો. : ૯૭૨૭૧૧૧૦૮૩

**ટચુકડી જાહેર ખબર**
દર રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧
ફોન : ૨૩૨૩૭૫૭૧
ફેક્સ : ૨૩૨૩૦૫૭૧

PRIME LOCATION FOR YOUR BUSINESS
હસમુખભાઇ પટેલ
9898935008
9737124032
ઓફિસ નંબર
9904483888
atria
"The Business Hub"
દુકાનો-ઓફિસો, ભાડે-વેચાણ આપવાની છે.
atria corner, KH-0, સરગાસણ ચાર રસ્તા, ગાંધીનગર

Indiabulls HOME LOANS
Ab Ghar Aa Jao
પ્રસ્તુત છે
ONE DAY TO GO
આવાસ પ્રોપર્ટી શો, 2015
તમારા સપનાના ઘરની ચાવી
તારીખ: 02-04 ઑક્ટોબર 2015 | સમય: સવાર 11થી રાત 8
સ્થળ: ઇન્ફોસિટી ક્લબ, ગાંધીનગર, ગુજરાત.
ખાસ આકર્ષણ:
• ત્યાં જ મંજૂરી (ઑન-સ્પોટ સેન્ક્શન)
• બિલ્ડર્સ તરફથી આકર્ષક ઑફરો
• રજિસ્ટ્રેશન પર સુનિશ્ચિત ગિફ્ટ (ઉપહાર)
• વિશેષ ઇનામો (સ્પેશ્યલ પ્રાઇઝીસ) સાથે લકી ડ્રો
#Indiabulls Home Loans
INDIABULLS HOME LOANS આવાસ Gandhinagar 2015
AN EXCLUSIVE HOME SHOW
SMS 'GHAR' to 54242 | HELPLINE: 1800 200 7777
Participating Builders

Kalp Infrastructure Pvt. Ltd.
ભાવેશ શાંતિલાલ ચૌહાણ
2 BHK - 74 વાર 14.80 લાખ સુધી
2 BHK - 148 વાર 29.60 લાખ સુધી
3 BHK - 148 વાર 29.60 લાખ સુધી
Capitol Flora
લક્ઝુરીયસ ફ્લેટ
સરગાસણ, ગાંધીનગર.
ભુકંપ પ્રુફ સ્ટ્રક્ચર ડિઝાઈન બાય એન.કે. શાહ - અમદાવાદ
સેમ્પલ હાઉસ રેડી



www.capitalfloraicon.com




સુવિધાઓ
• કિડ્ઝ ઝોન • જોગર્સ ટ્રેક
• યોગા ઝોન • ગઝેબો-મીટીંગ પ્લેસ
• ક્લબ હાઉસ / સ્પોર્ટ્સ રૂમ • બ્યુટીફુલ લેન્ડ સ્કેપીંગ
• જિમ્નેશીયમ/ ફીટનેશ કલબ • વિશાળ ફુલ્લી પાર્કીંગ
• વેલ ડેકોરેટીવ એન્ટ્રન્સ વીથ સીક્યુરીટી કેબીન
• એન્ટ્રન્સ ગેઈટ અને ગ્રાઉન્ડ ફ્લોર એરીયામાં CCTV કેમેરા
સરગાસણ ચોકડીથી ગીફ્ટ સીટી જવાના ૨૦૦ ફૂટના રીંગ રોડ પર આશકા હોસ્પીટલની સામે, મેઈન રોડ પર, સરગાસણ
ગાંધીનગર શહેરના જુના અને જાણીતા બિલ્ડર
Cont. : 8866885444